# જાસૂસીના નામે પાકિસ્તાન ભારતીય કુલભૂષણ જાધવને ફાંસીએ ચઢાવી દેશે ?

**એક તરફ ચીનની નારાજગી છતાં ભારતે દલાઈ લામાને ધરાર અરુણાચલ પ્રવાસ કરવા જવા દીધા અને તવાંગ પણ જવા દીધા, ને ત્યાં જ અચાનક જ ભારતીય નેવીના પૂર્વ અફસર કુલભૂષણને ફાંસીની સજા કરતો ચુકાદો આવ્યો. આ ચુકાદા સાથે જ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધમાં તણાવ વધ્યો છે.**



રાજેશ બારોટ . aarpar@gmail.com

એક તરફ ચીનની નારાજગી છતાં ભારતે દલાઈ લામાને ધરાર અરુણાચલ પ્રવાસ કરવા જવા દીધા અને તવાંગ પણ જવા દીધા, ને ત્યાં જ અચાનક જ ભારતીય નેવીના પૂર્વ અફસર કુલભૂષણને ફાંસીની સજા કરતો ચુકાદો આવ્યો. આ ચુકાદા સાથે જ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં તણાવ વધ્યો છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે જાસૂસ જાસૂસના ખેલ તો ચાલતા જ રહ્યા છે, પણ બંને દેશો વચ્ચેના જાસૂસો પ્રતિના વ્યવહારમાં આસમાન જમીનનો તફાવત છે, ત્યારે શું પાકિસ્તાન જાધવને ફાંસીએ ચઢાવી દેશે ? ભારતે તો ઉગ્ર વિરોધ કરતાં ગમે તે કરી છૂટીશું એમ કહીને ચેતવણી આપી જ છે, ત્યારે જાધવના ભવિષ્ય પર અત્યારે તો રહસ્ય ઘેરાયેલું છે.

**ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો હંમેશાં સારા રહ્યા નથી. બંને દેશો જાસૂસીના આરોપસર એકબીજાના રાજદ્વારી કચેરીના કર્મચારીઓની હકાલપટ્ટી પણ કરતા રહ્યા છે. પરંતુ પાકિસ્તાન ભારતીય કેદીઓ ઉપર જુલમ ગુજારતું રહ્યાના હેવાલ આવે છે. જાસૂસીના આરોપીઓને તે પ્રતાડિત કરે એ તો સમજ્યા, પણ માછીમારોને પણ રંજાડવામાં ક્યારેય પાછું પડ્યું નથી.**

ગયા માર્ચ ૨૦૧૬માં અચાનક જ પાકિસ્તાને બલૂચિસ્તાનમાંથી કુલભૂષણ જાધવને જાસૂસ તરીકે પકડી લીધો હતો. પાકિસ્તાન કેટલાય લોકોને જાસૂસ તરીકે પકડી લઈને તેઓને જેલમાં રીબાવવા માટે જાણીતું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો હંમેશાં સારા રહ્યા નથી. બંને દેશો જાસૂસીના આરોપસર એકબીજાના રાજદ્વારી કચેરીના કર્મચારીઓની હકાલપટ્ટી પણ કરતા રહ્યા છે. પરંતુ પાકિસ્તાન ભારતીય કેદીઓ ઉપર જુલમ ગુજારતું રહ્યાના હેવાલ આવે છે. જાસૂસના આરોપીઓને તે પ્રતાડિત કરે એ તો સમજ્યા, પણ માછીમારોને પણ રંજાડવામાં ક્યારેય પાછું પડ્યું નથી. જેલમાં તેમને કાંકરાવાળું ભોજન આપવું, તેમને પાણી ન આપવું

, ભૂખ્યા રાખવા કે માર મારવા એવા નાપાક કામો તેની જેલમાં થતા જ રહે છે. કુલભૂષણ જાધવ તો નેવીમાંથી રાજીનામું આપીને ઇરાનમાં વ્યાપાર કરતો હતો. તે ઇરાનમાં હતો અને ત્યાંથી તેનું અપહરણ થયું હતું. પાકિસ્તાને તેને બલૂચિસ્તાનમાંથી પકડ્યાની અને તે જાસૂસી કરતો હોવાના આરોપસર કાર્યવાહી પણ શરૂ કરી હતી. સાથે જ એક વિડિયો પણ બહાર પાડ્યો હતો, જેમાં કુલભૂષણ જાધવ પોતે રોનો જાસૂસ હોવાનું અને જાસૂસી કરતો હોવાનું સ્વીકારતો દેખાડાયો છે. આ પ્રકારના વિડિયો શૂટ કઇ રીતે થાય એ બધા જ જાણે છે. મૂળ પ્રશ્ન તો એ છે કે કુલભૂષણ ભારતીય જાસૂસ છે, તો તેની સામે પાકિસ્તાની લશ્કરની કોર્ટ માર્શલમાં કેસ કેમ ચાલ્યો? એ કોર્ટ માર્શલ સૈનિકોના ગુના સામે તેના જ દેશના લશ્કરની અદાલતમાં કામ ચાલે છે. એ કોર્ટ બીજા દેશના નાગરિક સામે કામ ચલાવતી હોતી નથી. છતાં પાકિસ્તાની લશ્કરની કોર્ટ માર્શલ અદાલતે કુલભૂષણની સામે કામ ચલાવીને એક વર્ષમાં તો ચુકાદો આપીને ફાંસી ફટકારી દીધી. અત્રે યાદ રહે કે ભારતમાં પણ કેટલાય પાકિસ્તાનીઓ જાસૂસીના આરોપસર પકડાયા છે, તેમની સામે કેસ ચાલ્યા છે, પણ ક્યારેય કોઇન મૃત્યુદંડ ફટકારાયો નથી.અરે, કસાબ જેવા આતંકવાદીને પણ ભારતે બચાવ કરવા માટે પૂરતી સગવડ આપી છે, પૂરતી તક આપી હતી અને એ પછી જ તેને ફાંસીની સજા ફટકારાઇ હતી. પાકિસ્તાન જ્યારે એવું કોઇ જ પગલું ભરતું નથી, તેને મન તો ભારતીય કેદી એટલે વેર લેવા માટેનું ગિનિપિક.

કુલભૂષણ જાધવ કાંઇ પહેલા ભારતીય નથી, જે જાસૂસીના આરોપસર પાકિસ્તાની જેલમાં સબડે છે અને તેને મૃત્યુદંડની સજા ફટકારી છે. આ સજાની જાહેરાત થતાં જ ભારતે પાકિસ્તાનના એક ડઝન કેદીઓને છોડવા માટે કરેલી તૈયારી ઉપર બ્રેક મારી દીધી છે. કુલભૂષણ જાધવના કેસ પહેલાં સરબજીત સિંહનો કેસ ખૂબ જ ચર્ચામાં રહ્યો હતો. સરબજીત સિંહ પંજાબનો ખેતી કરતો યુવાન હતો અને તે ભૂલમાં સરહદ પાર કરી ગયો, તેની ઓળખ મનજીત કરીને પાકિસ્તાને તેને પણ જાસૂસીના આરોપસર જેલમાં સબડતો કરી નાંખ્યો. તેને પણ ફાંસીની સજા ફટકારી હતી. સરજીત સિંહને બચાવવા માટે ભારતે એડીચોટીનું જોર કર્યું, પણ તે અંગે કોઇ નિર્ણય થાય તે પહેલાં પાકિસ્તાની જેલમાં કેદીઓએ તેના ઉપર હુમલો કરીને તેની હત્યા કરી નાંખી હતી. એ ઉપરાંત અન્ય ભારતીયો પણ જાસૂસીના આરોપસર પાકિસ્તાનમાં પકડાયા હતા, તેમાં રવીન્દ્ર કૌશિક પણ પાકિસ્તાનમાં જાસૂસીના આરોપસર પકડાયા હતા. પાકિસ્તાનની જુદી જુદી જેલમાં ૧૬ વર્ષની સજા ભોગવ્યા બાદ તેમને ૨૦૦૧માં મુક્ત તો કરાયા



**કુલભૂષણ ઉપરાંત હમીદ અન્સારી ૨૦૧૨થી ખોટું ઓળખપત્ર રાખવાના આરોપસર પાકિસ્તાનની જેલમાં સબડે છે. તેમને લશ્કરી માર્શલ અદાલતે ત્રણ વર્ષની સજા ફટકારી હતી. તે સજા ૨૦૧૬ના વર્ષમાં પૂરી થવા છતાં હજુ સુધી ભારત જવા દેવાયા નથી, જોકે સુરજીતસિંહ નસીબદાર ખરા.**

પણ તેઓ ભારત પહોંચે તે પહેલાં જ તેમનું જેલમાં જ મૃત્યુ થયું હતું. એ જ રીતે હમીદ અન્સારીની ૨૦૧૨ની સાલમાં પાકિસ્તાનના કોહાટ જિલ્લામાં ખોટું ઓળખપત્ર રાખવાના આરોપસર ધરપકડ કરી હતી. બીજા વર્ષે તેને લશ્કરી માર્શલ અદાલતે ત્રણ વર્ષની સજા ફટકારી હતી. તે સજા ૨૦૧૬ના વર્ષમાં પૂરી થઇ જવા છતાં હજુ સુધી હામીદ અન્સારીને ભારત જવા દેવામાં આવ્યા નથી, તેઓ આજે પણ પાકિસ્તાની જેલમાં દર્દનાક જીવન જીવી રહ્યા છે. જો કે સુરજીત સિંહ નસીબદાર ખરા. એક બે નહીં પૂરા ૩૦ વર્ષ સુધી પાકિસ્તાની જેલમાં અત્યાચાર ભોગવ્યા બાદ ૨૦૧૨માં તેમને જેલમાંથી છોડી મુકાયા અને તેઓ ભારત આવી શક્યા. ભારત આવ્યા પછી સુરજીત સિંહે પોતે રોનો એજન્ટ હોવાની વાત ડંકે કે ચોટ પર કહી હતી. જોકે જાસૂસી એવો વ્યવસાય છે, જેમાં કોઇ સરકાર તેનો એજન્ટ પકડાય ત્યારે તેનો અસ્વીકાર કરતી હોય છે. કશ્મીરસિંહનો પણ અજીબ કિસ્સો છે. ૧૯73માં તેને કહેવાતી જાસૂસી બદલ પાકિસ્તાને પકડી લીધા હતા. ૩૫ વર્ષ સુધી કારાવાસ ભોગવ્યા બાદ પાકિસ્તાને તેમને ૨૦૦૮માં મુક્ત કર્યા હતા. પાકિસ્તાની જેલમાં હતા, ત્યાં સુધી પોતે નિર્દોષ હોવાનું કહેતા હતા, પરંતુ જેલમાંથી છૂટીને ભારત આવ્યા કે તરત જ તેમનો સૂર બદલાઇ ગયો અને પોતે જાસૂસ તરીકે કામ કરતાં હોવાનું ગૌરવભેર કહેવા લાગ્યા હતા. એ ઉપરાંત ૧૯૯૯માં ભારતીય નાગરિક શેખ શામીમ પણ પકડાયો હતો. તેને દસ વર્ષ જેલમાં રાખ્યા બાદ કહેવાતી જાસૂસી બદલ ફાંસીએ ચઢાવી દીધો હતો. આવા તો અનેક નામ છે, જેઓ કહેવાતી જાસૂસી કરવાના આરોપસર પાકિસ્તાનમાં પકડાયા, તેમાંથી કેટલાક મુક્ત થઇ આવ્યા, તો કેટલાક મોતને ભેટ્યા, જોકે એ તમામે પાકિસ્તાની જેલમાં દર્દનાક વર્ષો વિતાવ્યા, તેનો કોઇ ઇન્કાર કરી શકે એમ નથી.

બીજી તરફ ભારતમાં પણ કેટલાય પાકિસ્તાનીઓ જાસૂસીના આરોપસર પકડાયા હતા. જોકે તેમાંથી ભારતે કોઇને મોતની સજા ફટકારી નથી. ૨૦૧૩થી ૨૦૧૬ના ત્રણ વર્ષ દરમ્યાન ભારતમાં ૪૬ પાકિસ્તાની જાસૂસો પકડાયા હતા. જ્યારે ૨૦૧૪થી ૨૦૧૬ના વર્ષ દરમ્યાન અઢીસોથી વધુ પાકિસ્તાની નાગરિકોને ભારતે પાકિસ્તાન પરત મોકલી આપ્યા હતા. એમાંથી કેટલાક ઉપર તો જાસૂસીની શંકા તો હતી જ. ભારતનું વલણ એવું રહ્યું છે કે પાકિસ્તાનના કહેવાતા જાસૂસોને જેર કરીને તેમના માનસ પલટા દ્વારા તેમને પરત પાકિસ્તાન મોકલી તેમની પાસે ભારત માટે જાસૂસી કરાવવી. ભારતે એક પણ પાકિસ્તાની જાસૂસને ફાંસીએ ચઢાવ્યો નથી. પરંતુ પાકિસ્તાન નબળો માટી બૈરી પર શૂરો એ કહેવત મુજબ ભારતને યુદ્ધમાં પરાજિત નહીં કરી શકતાં ભારતીય નાગરિકો ઉપર દમન ગુજારવાનું શૂરાતન દાખવતું રહ્યું છે.

હવે કુલભૂષણ જાધવનો કેસ ફરી ટેસ્ટ કેસ બની રહે એમ છે. પાકિસ્તાન ભારતીય નાગરિકોને વર્ષો

સુધી જેલમાં સબડવા દે છે, પણ કુલભૂષણના કેસમાં એક જ વર્ષમાં ફાંસીની સજા ફટકારી દીધી છે. એ જ ટાંકણે દલાઇ લામાની અરુણાચલ પ્રદેશ યાત્રા ચીનની ચેતવણી છતાં પણ ભારતે ધરાર થવા દીધી છે. એમ લાગે છે કે ચીનના ચાવી ચઢાવેલા પૂતળા તરીકે પાકિસ્તાને ઉતાવળે કુલભૂષણને ફાંસીની સજા ફટકારી છે, યાદ રહે કે ચીનની ચેતવણી છતાં ભારતે દલાઇ લામાના કેસમાં નમતું જોખ્યું નથી, ત્યારે પાકિસ્તાન ફાંસીની સજા માટે આગળ વધશે, ત્યારે ભારત કાંઇ હાથ પર હાથ ધરીને બેસી રહે એમ નથી. ભારતે તો તરત જ આંખ લાલ કરતાં કુલભૂષણ જાધવને બચાવવા માટે બધું જ કરી છૂટશે એમ કહ્યું છે, તેના ગણતરીના કલાકોમાં જ અમેરિકાએ પાકિસ્તાનની સરહદે આવેલા અફઘાનિસ્તાન ખાતેની આઇએસની છાવણી પર મધર ઓફ ઓલ બોમ્બસ ઝીંકી દઇને ખાતમો બોલાવી દીધો છે. એમ કહેવાય છે કે ભારતની ગુપ્તચર માહિતીના આધારે જ અમેરિકાએ એ હુમલો કર્યો હતો. ૧૦ હજાર ટનનો બોમ્બ ઝીંકવા પાછળનો મકસદ પણ નાનો તો ન જ હોય, તેનાથી થયેલા નુકસાન અને ફાયદાની વિગતો આવશે, ત્યારે એ સમજાશે. અત્યારે તો ભારત,પાકિસ્તાન, અમેરિકા અને ચીનમાં ઘટનાચક્ર ઝડપથી ઘૂમી રહ્યું છે, એ ઘણા રાજકીય ફેરફારોનું સૂચક છે એ યાદ રાખવું ઘટે. આ ઘટનાચક્ર પવનવેગે આગળ વધી રહ્યું છે. આ કેસમાં એક તરફ ભારત પાકિસ્તાનના વલણનો આક્રમક વિરોધ કરી રહ્યું છે, કુલભૂષણને ફાંસી આપવાના પાકિસ્તાનના નિર્ણયને દિલ્હીની હાઈકોર્ટમાં પડકારાઇ ચૂક્યો છે તો બીજી તરફ પાકિસ્તાન પોતાનો પક્ષ મજબૂત કરવા છેક યુનો સુધી દોડી ગયું છે અને કોઇપણ રીતે કુલભૂષણ જાધવને દોષી પુરવાર કરીને ફાંસીના માંચડા સુધી લઇ જવા માટે જાણે એક મોટું વૈશ્વિક અભિયાન છેડીને પોતાના નિર્ણયની તરફેણમાં વિશ્વમત ઊભો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. વૈશ્વિક મંચ પર અત્યારે પાકિસ્તાન ધીરે ધીરે એકલું પડતું જાય છે ત્યારે તે સંદર્ભમાં જોતાં તેની આ ઉતાવળી હિલચાલ મહત્ત્વની બની જાય છે.

આ ઉપરાંત પણ આ મુદ્દે પાકિસ્તાનની વર્તમાન હિલચાલના લાંબાગાળાના સૂચિતાર્થો ભારત-પાક.ના ભાવિ સંબંધોના સંદર્ભે પણ ઘણા મહત્ત્વના છે. આતંકવાદ મુદ્દે પાકિસ્તાનના વલણને લઇને લાંબા સમયથી ભારતે દ્વિપક્ષીય મંત્રણાઓ સ્થગિત કરી છે. આ બાબતે પાકિસ્તાન ભારતને લાંબા સમયથી મંત્રણાના ટેબલ પર લાવવા મથે છે કારણ કે મંત્રણા સ્થગિત થવાથી વૈશ્વક સ્તરે પાકિસ્તાનની ઈમેજ ખરડાઇ છે અને ભારતનો પક્ષ વધુ ને વધુ મજબૂત થતો રહ્યો છે. પાકિસ્તાન આ સ્થિતિમાં બદલાવ ઈચ્છે છે પણ ભારત કેમેય કરીને મચક આપતું નથી. આ સંજોગોમાં અચાનક પાકિસ્તાનના હાથમાં કુલભૂષણનો મુદ્દો આવી ગયો અને તેણે ભારતને કોઇપણ રીતે મંત્રણા માટે મજબૂર કરવાની બાજી ગોઠવવા માંડી એવી એક બહુચર્ચિત થિયરી અત્યારે ચાલે છે ત્યારે હવે ભારત કેવો પ્રતિસાદ આપે છે તેના પર બંને દેશોના સંબંધોના ભાવિનો આધાર છે. જોકે હમણાં થોડા




**ચીનને ન ફાવવા દેવાની જવાબદારી મહદંશે ભારતની જ છે કારણ કે પાકિસ્તાન તો ઈચ્છે જ છે કે તેના ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધોમાં કોઇ ત્રીજો દેશ હસ્તક્ષેપ કરે. આ ઉપરાંત ટ્રમ્પના આવ્યા પછી અમેરિકા પણ ભારત-પાક.ને ફરી મંત્રણાના ટેબલ પર લાવવા માટે હસ્તક્ષેપ કરવાની વાત કરી ચૂક્યું છે એ વાત પણ ધ્યાનમાં રાખવી રહી.**

સમય અગાઉ નેપાળ બોર્ડર પાસે પાક.આર્મીનો એક નિવૃત્ત અધિકારી મહંમદ યુનુસ પકડાયો તે સંદર્ભે પાકિસ્તાનના કહેવા મુજબ તેની ધરપકડ ભારતના ઈશારે થઇ છે. આનો બીજો મતલબ એ પણ થયો કે પાકિસ્તાન કુલભૂષણના મુદ્દે આકરું થઇને ભારતનું વલણ તપાસીને પોતાના અધિકારીને છોડાવવા માંગે છે. અહીં એ સ્પષ્ટ છે કે પાકિસ્તાન ભારતની મક્કમતામાં છીંડું પાડીને પોતાનું હિત સાધી લેવાના મનસૂબા સેવતું હોય તો એ ચોક્કસ તેનું દિવાસ્વપ્ન છે કારણ કે ભારત પાકિસ્તાનની રગેરગથી વાકેફ છે.

વધુ એક વાત એ પણ છે કે આ આખા મુદ્દામાં ભારતે બે બાબતે ખાસ ચેતવા જેવું છે. પહેલો મુદ્દો એ છે કે અત્યારસુધી ભારત પાકિસ્તાન સાથેના તણાવના મુદ્દે કોઇ ત્રીજા દેશની કોઇ પણ ભૂમિકાને સતત નકારતું રહ્યું છે ત્યારે અત્યારના છાશવારે બદલાતાં રહેતાં વૈશ્વિક સંજોગોમાં આ બે દેશો વચ્ચેની ખેંચતાણમાં કોઇ ત્રીજો દેશ લાભ ખાટી જાય એવી પરિસ્થિતિ ન સર્જાય તે જોવું રહ્યું. ભારતની સર્વાંગી પ્રગતિથી સતત અકળાતું ચીન આ પ્રકારની ભૂમિકા ભજવવા તલપાપડ હોવાની વાત તો જગજાહેર છે. આ સ્થિતિમાં ચીનને ન ફાવવા દેવાની જવાબદારી મહદંશે ભારતની જ છે કારણ કે પાકિસ્તાન તો ઈચ્છે જ છે કે તેના ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધોમાં કોઇ ત્રીજો દેશ હસ્તક્ષેપ કરે. આ ઉપરાંત ટ્રમ્પના આવ્યા પછી અમેરિકા પણ ભારત-પાક.ને ફરી મંત્રણાના ટેબલ પર લાવવા માટે હસ્તક્ષેપ કરવાની વાત કરી ચૂક્યું છે એ વાત પણ ધ્યાનમાં રાખવી રહી.

છેલ્લો એક મુદ્દો એ પણ છે કે કાશ્મીર મુદ્દો તો આપણી પોતીકી ભૂલના લીધે યુનોમાં પહોંચી ગયો અને વૈશ્વિક મુદ્દો બની ગયો અને પરિણામે તેનો સીધો ઉકેલ આજે પણ દૂર સુદૂર સુધી ક્યાંય દેખાતો નથી તે સંજોગોમાં કુલભૂષણના મુદ્દે પાકિસ્તાન યુનોમાં પહોંચ્યું છે ત્યારે યુનો આ મુદ્દે પાકિસ્તાનને દાદ આપશે કે કેમ તે પણ એક પેચીદો પ્રશ્ન છે. આ સાથે હમણાં સરહદ પરનાં છમકલા પણ વધ્યાં છે તે જોતાં ચોક્કસપણે એવું લાગે છે કે આપણો આ પાડોશી આપણને જંપીને બેસવા દેવા માગતો નથી ત્યારે હવે કડક હાથે કામ લઇ તેને યોગ્ય જવાબ આપવાનો સમય પાકી ગયો છે. 'અત્યારે જ' આ કરવાનું છે.